**સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા**

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના આંકડા મદદનીશ તથા સંશોધન મદદનીશની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા**

**તા :– ૦૮/૦૯/૨૦૨૧** **પ્રશ્નપત્ર – ૧** **બેઠક નંબર :–.......**

**સમય :– ૧૧: ૦૦ થી ૧૩:૦૦** **SET- B** **કુલ ગુણ :– ૧૦૦**

**1 મુખ્યમથક કોને કહેવાય?**

**A** સરકારી કર્મચારીને નિમણૂક કરનાર અધિકારી દ્વારા તે કર્મચારી માટે જાહેર કરવામાં આવેલું સ્થળ
**B** સરકારી કર્મચારીનું નિવાસ્થાન જ્યાં આવેલું હોય તેવું સ્થળ
**C** જ્યાં મુખ્ય અધિકારીનું નિવાસ્થાન જ્યાં હોય તેવું સ્થળ
**D** જિલ્લાનું મુખ્ય મથક જ્યાં હોય તેવું સ્થળ

**2 ખરેખર મુસાફરી ખર્ચ એટલે.. ? નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો**

**A** હોટલમાં રહેવા જમવાનો ખર્ચ
**B** ફર્નિચરની ટુટ-ફૂટનો ખર્ચ
**C** કાચનો સામાન તૂટી જવાનો ખર્ચ
**D** વાહન વ્યવહારનો ખર્ચ

**3 મોંઘવારી ભથ્થું મેળવવાના હેતુ માટે નીચેનામાંથી કયો પગાર; પગાર તરીકે ગણી શકાશે ?**

**A** ખાસપગાર
**B** વધારાનો પગાર
**C** વળતર પગાર
**D** મૂળ પગાર

**4 સરકારી કર્મચારીઓને રહેવા માટે ઘર તરીકે ઉપયોગ કરવા માટે અને તેનો કબજો ધરાવવાનો પરવાનો એટલે?**

**A** ભાડા પટ્ટો
**B** કબજો
**C** ફાળવણી
**D** રહેણાંક

**5 ખાલી જગ્યાનો સમય ગાળો કેટલા દિવસ કરતાં ઓછો હોયતો ખાસ પગાર અથવા વધારાનો પગાર મળી શકે નહીં?**

**A** દસ દિવસ
**B** પંદર દિવસ
**C** 20 દિવસ
**D** 30 દિવસ

**6 સરકારી કર્મચારીને અપવાદરૂપ કિસ્સાઓ સિવાય વધુમાં વધુ કેટલી મુદત માટે હક રજા મંજૂર કરી શકાય?**

**A** ૬૫દિવસ
**B** ૯૦દિવસ
**C** ૧૨૦દિવસ
**D** પાંચવર્ષ

**7 સંવર્ગ બહારની એક જગ્યાએથી સંવર્ગ બહારની બીજી જગ્યા પર નિમણૂક થતાં સરકારી કર્મચારીઓના પગારની બાંધણી કયા નિયમ મુજબ થશે?**

**A** નિયમ 13 | **B** નિયમ ૧૮

**C** નિયમ ૨૧ | **D** નિયમ 43

**8 જો કોઈ સરકારી કર્મચારીને સજા સ્વરૂપે નીચે ઉતારવામાં આવ્યો હોય તો તેનો પગાર કયા પગાર નિયમ હેઠળ નક્કી થશે?**

**A** નિયમ 13 | **B** નિયમ ૩૯

**C** નિયમ 41 | **D** નિયમ 43

**9 સરકારી કર્મચારીને મળતી અર્ધપગારી રજા કયારે ક્યારે જમા થાય છે?**

**A** દરવર્ષે પહેલી જાન્યુઆરીએ આગોતરી | **B** દરવર્ષે ૧લી જુલાઈએ આગોતરી

**C** પ્રત્યેક અર્ધવર્ષની નોકરી માટે આગોતરી પહેલી જૂન અને પહેલી જાન્યુઆરીએ | **D** પ્રત્યેક અર્ધવર્ષની નોકરી માટે આગોતરી પહેલી જાન્યુઆરી અને ૧લી જુલાઈએ

**10 અપવાદરૂપ કિસ્સા સિવાય રાજ્યકક્ષાની વિવિધ સમિતિઓના બિનસરકારી અધ્યક્ષકે સભ્યોને દિવસના સત્રોને ધ્યાનમાં લીધા સિવાય આખા દિવસની બેઠક ફી તરીકે કેટલી રકમ આપવામાં આવે છે ?**

**A** ૫૦૦ | **B** ૪૦૦

**C** ૨૦૦ | **D** ૧૦૦

**11 સરકારના વિશિષ્ટ હુકમ દ્વારા પસંદગી પગારધોરણ તરીકે મંજુર કરવામાં આવેલ પગારધોરણને શું કહે છે?**

**A** ઉપરનો પગારધોરણ | **B** વધારાનું પગારધોરણ

**C** સિલેક્શન ગ્રેડ | **D** પ્રમોશન ગ્રેડ

**12 એવી કાયમી જગા કે જે વ્યક્તિગત સરકારી કર્મચારી પુન:નિમણૂક વિના મર્યાદિત સમય કરતાં વધુ મુદત માટે ધારણ કરી શકે નહીં ....**

**A** અજમાયશી જગ્યા | **B** મુદ્દતી જગ્યા

**C** મર્યાદિત જગ્યા | **D** ખાલીજગ્યા

**13 ત્રણ કલાકની મુદતના પ્રશ્નપત્ર તૈયાર કરનારને પ્રશ્નપત્ર તૈયાર કરવા માટે કેટલી રકમ ચૂકવવામાં આવશે?**

**A** ૧૧૦રૂપિયા | **B** ૧૭૫રૂપીયા

**C** ૧૮૦રૂપીયા | **D** ૨૦૦રૂપિયા

**14 જે જગ્યા પર અન્ય વ્યક્તિને ધરણાધિકાર હોય તેની પર કોઈ સરકારી કર્મચારીએ ફરજ બજાવી હોય તો તેને શું કહેવાય?**

A અતિરિક્ત ધરણાધિકાર　　B અવેજી કામગીરી

C વધારાની કામગીરી　　D સામાન્ય કામગીરી

**15 સરકારી કર્મચારી પોતે જ્યાં કામ કરતો હોય તે મુખ્ય સ્થળ મુખ્ય મથકના સ્થળેથી એવા અન્ય સ્થળે કોઈ નવી જગ્યાની ફરજો સંભાળવા પ્રયાણ કરે તેને શું કહેવાય?**

A પદોન્નતિ　　B બદલી

C હવાલો　　D પ્રવાસ

**16 જો કોઈ સરકારી કર્મચારી અન્ય કચેરીની ઉપલી કક્ષાનો વધારાનો હવાલો સંભાળે તો તેને સંભાવ્ય પગારના કેટલા ટકા રકમ મળે?**

A 5%　　B 10%

C 15%　　D વધારાની કોઈ રકમ મળે નહીં

**17 સરકારની વિવિધ તાલીમ સંસ્થાઓમાં સરકારના સચિવની કક્ષાના અધિકારીને મુલાકાતના પ્રતિ કલાકે કેટલા રૂપિયા ચૂકવવામાં આવશે?**

A રૂપિયા પંદરસો વધુમાં વધુ 3000　　B રૂપિયા 1000 વધુમાં વધુ 2000

C રૂપિયા 500 વધુમાં વધુ 1000　　D રૂપિયા 200 વધુમાં વધુ 400

**18 જો કોઈ તબીબ ગુજરાત મેડિકલ કાઉન્સિલ 1967 હેઠળ નોંધાયેલા હોય તો તેને શું કહેવાશે?**

A પ્રેક્ટિસ ઇન ડોક્ટર　　B મેડીકલ પ્રેકટીશનર

C રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર　　D કમ્પાઉન્ડર

**19 કોઈપણ સરકારી કર્મચારીને પ્રશિક્ષણ અથવા તાલીમના અભ્યાસક્રમ દરમિયાન.....**

A ફરજ પર હાજર ગણવામાં આવે છે　　B ફરજ પર ગેરહાજર ગણવામાં આવે છે

C રજા પર ગણવામાં આવે છે　　D પ્રવાસમાં હોવાનું ગણવામાં આવે છે

**20 કૃષિવિભાગમાં શારકામ માટે રાખેલ મિકેનિકને એક સાથે મહત્તમ કેટલી રજા મંજુર કરી શકાય?**

A ૬૦ દિવસ　　B ૯૦ દિવસ

C 120 દિવસ　　D 200 દિવસ

**21 નીચેનામાંથી કયું શહેર સી વર્ગના શહેરો પૈકીનું નથી?**

A હિંમતનગર　　B અંજાર

C ભાવનગર　　D મહેસાણા

**22 સામાન્ય કિસ્સાઓમાં પેન્શન પાત્ર નોકરીની જગ્યા પર નિમણૂક માટેની ન્યૂનતમ ઉંમર કેટલી હોવી જોઈએ?**

| | |
|---|---|
| **A** 28 વર્ષ | **B** 21 વર્ષ |
| **C** 19 વર્ષ | **D** 18 વર્ષ |

**23 વિશિષ્ટ સંજોગોમાં ફરજ બજાવવાના કારણે થયેલ અંગત ખર્ચને પહોંચી વળવા માટે આપવામાં આવતું હતું કયા નામે ઓળખાય છે?**

| | |
|---|---|
| **A** વળતરભથ્થું | **B** વાહનભથ્થુ |
| **C** અંગત ભથ્થુ | **D** વધારાનું ભથ્થુ |

**24 સરકાર દ્વારા કોઈપણ તથા વાપરવાના સંબંધમાં જે અધિકારીને સત્તાની સોંપણી કરવામાં આવી હોય તેવા અધિકૃત અધિકારીને શું કહે છે?**

| | |
|---|---|
| **A** ઉચ્ચ અધિકારી | **B** શિસ્તપાલન અધિકારી |
| **C** સક્ષમ સત્તાધિકારી | **D** ખાસ અધિકારી |

**25 જો કોઈ અધિકારી ૪૫૦૦ થી ૫૯૯૯ રૂપિયાના પગારધોરણમાં હોય તો તેને વર્ગ એના શહેરોમાં કેટલા રૂપિયા સ્થાનિક વળતર ભથ્થું મળે?**

| | |
|---|---|
| **A** ૩૦૦ | **B** ૨૪૦ |
| **C** ૧૮૦ | **D** ૧૨૦ |

**26 ગુજરાત મુલ્કી સેવા શિસ્ત અને અપીલ નિયમો 1971 ની જોગવાઈઓ હેઠળ ઇજાફો....**

| | |
|---|---|
| **A** શિક્ષા તરીકે અટકાવવામાં આવ્યો ના હોય તો તે સામાન્યક્રમ તરીકે આકારવા નો રહે છે | **B** તારીખ પૂર્વે સક્ષમ અધિકારીની મંજૂરી લઈ પછી જ આકારવામાં આવે છે. |
| **C** દર વર્ષે પહેલી જાન્યુઆરી તે આપવામાં આવે છે | **D** સરકારી કર્મચારીનું કામ જોઈને આપવામાં આવે છે |

**27 કયા મહિલા કર્મચારીને પ્રસૂતિની રજા મળી શકે નહીં?**

| | |
|---|---|
| **A** કાયમી ના હોય પણ ૧ વર્ષની સળંગ નોકરી કરી હોય તેને | **B** બે વર્ષ કરતાં વધુ સળંગ નોકરી કરી હોય તેને |
| **C** ચાર વર્ષથી ઓછી નોકરી કરી હોય તેને | **D** બે કરતા વધુ બાળકો હોય તેને |

**28 ક્ષય કેન્સર કુષ્ઠરોગ ની રજા કયા વિભાગના નિયત નિયમો મુજબ મળવાપાત્ર થાય છે?**

| | |
|---|---|
| **A** નાણા વિભાગના | **B** સામાન્ય વહીવટ વિભાગના |
| **C** જે-તે કર્મચારીનાસંબંધિત વિભાગના | **D** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના |

**29 જો કોઈ સરકારી કર્મચારી સંજોગોને અનુલક્ષીને ફરજ નાસ વિશેષ પરિશ્રમવાળી કામગીરી કરતા હોય તો તેમને શું આપવામાં આવે છે?**

A વધારાનું ભથ્થું

B પરિશ્રમભથ્થુ

C ખાસપગાર

D કંઈ આપવામાં આવતું નથી

**30 પરીક્ષા સંબંધી કાર્યમાં કામે લગાવેલ પટાવાળાને પ્રતિદિન કેટલી રકમ ચૂકવવાની થશે?**

A 140 રૂપિયા

B 90 રૂપિયા

C 60 રૂપિયા

D 32 રૂપિયા

**31 સરકારી કર્મચારીની સત્તાવાર કારકિર્દીના સમય દરમિયાન વિવિધ પ્રકારની બાબતો ક્યાં નોંધવામાં આવે છે?**

A એફેમેંરલરોલ

B કારકિર્દી નોંધપોથી

C સેવાપોથી

D સરકારી રેકોર્ડ

**32 સરકારના સામાન્ય કે ખાસ હુકમ દ્વારા જોગવાઈ કરવામાં ન આવી હોય તે સિવાય નીચેના પૈકી કઈ બાબતોમાં પારિતોષિક મેળવવા માટે સરકારી કર્મચારી હકદાર ગણાશે ?**

A નિબંધલેખનની જાહેર સ્પર્ધામાં પ્રદાન બદલ મેળવેલ પુરસ્કાર

B નાટકની જાહેરસ્પર્ધામાં પ્રદાન બદલ મેળવવામાં આવેલ પુરસ્કાર

C કોઈ ગુનેગારની ધરપકડ બદલ આપવામાં આવેલ પુરસ્કાર

D ઉપરોક્ત ત્રણેય વિકલ્પોના કિસ્સામાં પુરસ્કાર મેળવી શકે

**33 જો કોઈ સરકારી કર્મચારીને કોઈ અશક્તતા અમુક ચોક્કસ ફરજ બજવણીના પરિણામે થઈ છે તેવું તબીબી મંડળ એ સાબિત કર્યું હોય તો તેને કેવા પ્રકારની રજા મળે**

A હકરજા

B માંદગીની રજા

C પરચુરણ રજા

D ખાસ અશકતતાનીરજા

**34 સરકારી કર્મચારીને ફી સ્વીકારવાની પરવાનગી આપવાની સંપૂર્ણ સત્તા કોને પહોંચે છે?**

A કચેરીના વડા

B ખાતાના વડા

C સંબંધિત વિભાગ

D કોઈને નહીં

**35 સરકારી કર્મચારી તંબુ ન લઈ જાય તેવા સમયે પ્રવાસમાં સાથે લઈ જવી જરૂરી હોય એવી મુકામ માટેની ચીજવસ્તુઓને શું કહે છે**

A મુકામ સરંજામ

B મુકામ રસાલો

C કાયમ મુકામ

D ઘરવખરી

**36 નીચેનામાંથી કઈ બાબતને મળતર ગણી શકાય નહીં?**

**A** પગાર

**B** મુસાફરી ભથ્થુ

**C** પરમવીર ચક્ર સંબંધિત ભથ્થુ

**D** પેન્શન સમકક્ષ મૃત્યુ સહ નિવૃત્તિ

**37 જો કોઈ અધિકારીનો પગાર 1 નવેમ્બર ૨૦૦૧ મુજબ નવ હજાર કે તેથી વધુ હોય અને તેમને ડાંગ જિલ્લામાં સુબીર તાલુકામાં ફરજ પર મૂકવામાં આવ્યા હોય તો તેમને**

**A** રૂપિયા 312 ડાંગભથ્થું મળે

**B** રૂપિયા 281 ડાંગભથ્થું મળે

**C** રૂપિયા ૨૫૦ડાંગ ભથ્થું મળે

**D** રૂપિયા 219 ડાંગ ભથ્થું મળે

**38 રજા મંજૂર કરનાર અધિકારીએ કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ?**

**A** ફરજ માટે ઉપસ્થિત ઉપલબ્ધ કર્મચારીઓનુંસંખ્યાબળ લઘુત્તમ સ્તરે ન પહોંચી જવું જોઈએ

**B** કર્મચારીનીજરૂર હોય તો ફરજિયાત રજા મંજુર કરવી જોઈએ

**C** રજા કર્મચારીઓનો હક છે માટે રજા મંજૂર કરનાર અધિકારીએકઈ ધ્યાનમાં રાખવું જોઈએ નહીં

**D** કેવા પ્રકારનો કર્મચારીછે તે જોઈને રજા મંજુર કરવી જોઈએ

**39 સરકારી કર્મચારીઓનીફરજોમાં વૈજ્ઞાનિક અથવા ટેકનિકલ સંશોધનોનો સમાવેશ થતો હોય તેઓએ કરેલી શોધના એકાધિકારને કયા નિયમ હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવી છે?**

**A** નિયમ 51

**B** નિયમ 52

**C** નિયમ 53

**D** આવી કોઈ જોગવાઈ નથી

**40 સરકારી કર્મચારીના સંદર્ભે રજા એટલે કે:-**

**A** સક્ષમ સત્તાધિકારીનીવિવેકબુદ્ધિ હેઠળ કર્મચારીને ફરજ ઉપરથી ગેરહાજર રહેવા માટે આપવામાં આવેલી પરવાનગી

**B** સક્ષમ સત્તાધિકારીની પરવાનગીવિના કર્મચારીને ફરજ ઉપરથી ગેરહાજર રહેવા માટેનો હક

**C** સક્ષમ સત્તાધિકારીની પરવાનગીથી કર્મચારીને ફરજ ઉપરથી ગેરહાજર રહેવા માટેનો અધિકાર

**D** ઉપર પૈકી એક પણ વિકલ્પ સાચો નથી

**41 સરકારી કર્મચારી પોતાને જગ્યા ઉપરાંત અન્ય વધારાનો હવાલો સંભાળે તો તે બદલ મળતું મહેનતાણું કયા નામે ઓળખાય છે?**

**A** પગાર

**B** ખાસપગાર

**C** વેતન

**D** માનદવેતન

**42 એક વર્ષથી ઓછી નોકરી કરેલ હોય તેવા હંગામી કર્મચારીના કિસ્સામાં રાજીનામા માટેની નોટિસનો સમયગાળો કેટલો રહેશે?**

A એકમાસ

B એક અઠવાડિયું

C ત્રણમાસ

D ત્રણ અઠવાડિયા

**43 પરીક્ષા કેન્દ્રનો હવાલો ધરાવતા અધિકારીને પરીક્ષાના એક દિવસના ત્રણ સત્ર માટે કેટલું માનદવેતન મળે?**

A ૧૧૦

B ૧૮૦

C ૨૦૦

D ૩૫૦

**44 જો સરકારી કર્મચારીની પૂરતી સંખ્યામાં લેણી રજાઓ નીકળતી હોય અને જાહેરહિતમાં જરૂરીના હોય તેવા સંજોગોમાં રજાની અરજી સંબંધે શું કાર્યવાહી થશે?**

A મંજુર કરનાર સત્તાધિકારી રજાની અરજી મંજૂરી માટે વિચારણામાં લેશે

B સક્ષમ સત્તાધિકારી રજાના મંજૂરનો હુકમ કરશે

C મંજુર કરનાર સત્તાધિકારી મંજૂરી માટે વિચારણામાં લઈ યોગ્ય નિર્ણય કરશે

D ઉપર પૈકી એક પણ વિકલ્પ સાચો નથી

**45 સરકારી કર્મચારી લાંબી મુદતની રજા પર હોય તો આ રજાઓ દરમિયાન તે..**

A બીજી નોકરી કરી શકે

B અન્ય વ્યવસાય કરી શકે

C રોજગારી મેળવી શકે

D બીજીનો કરી કે રોજગારી  કરી શકે નહીં.

**46 તબીબી પ્રમાણપત્રને આધારે અર્ધપગારી રજા વધુમાં વધુ કેટલી મંજૂર કરી શકાશે?**

A કેટલી રજા જમા હોય તેટલી તમામ

B જેટલી રજા સિલકમાં હોય તેનાથી અડધી કરતાં વધે નહીં તેટલી

C કર્મચારીને બીમારી માટે જેટલી જરૂર હોય તેટલી

D આ અંગે કોઇ નિશ્ચિત નિયમ નથી

**47 જો કોઈ સરકારી કર્મચારી હક રજા લઇ નિયમાનુસાર મંજૂર કરાવી રજા પર ગયા હોય તો...**

A તેમને રજા પૂરી થયા પહેલા પરત બોલાવી શકાશે નહીં

B તેમને રજા પુરી થતાં પહેલા ફરજ પર પરત બોલાવી શકાશે

C એકવાર રજા મંજૂર થઈ ગયા પછી  ફરજ પર પરત બોલાવી શકાય નહીં

D જો પરચુરણ રજા પર ગયા હોય તોજ બોલાવી શકાય નહીં

**48 ઉમેદવારોની શારીરિક યોગ્યતાની તપાસણી અંગેના નિયમો કયા પરિશિષ્ટમાં સમાવવામાં આવેલા છે?**

**A** પરિશિષ્ટ-૧ **B** પરિશિષ્ટ-૨

**C** પરિશિષ્ટ-૩ **D** પરિશિષ્ટ-૪

**49 નીચેનામાંથી કઈ બાબત ફરજ તરીકે ગણાશે નહીં?**

**A** અજમાયશી સમય દરમિયાનની નોકરી **B** હાજર થવાનો સમય

**C** કોઈપણ ફરજિયાતખાતાકીય તપાસમાં હાજર રહેવાનો સમય **D** એપ્રેન્ટિસ તરીકે ની ફરજનો સમય.

**50 જો કોઈ સરકારી કર્મચારી મુખ્ય મથકે ગેરહાજરી બદલ તેવી ગેરહાજરીના પરિણામે તેણે કરેલા રોજિંદા સામાન્ય ખર્ચને પહોંચી વળવા આપવામાં આવતું ભથ્થુ કયા નામે ઓળખાય છે?**

**A** પગારભથ્થું **B** દૈનિકભથ્થું

**C** વાહનભથ્થું **D** મોંઘવારીભથ્થું

**51 એવી સેવા કે જેને સરકારે કુદરતી જગ્યા તરીકે જાહેર કરી હોય તેવા ગુજરાત સર્વિસ ઓફ એન્જિનિયર સંવર્ગ-૧ ના મુખ્ય ઇજનેરની જગ્યાની મુદતનો સમય કેટલો હોય છે?**

**A** બે વર્ષ **B** પાંચ વર્ષ

**C** 25 વર્ષ **D** નિવૃત્તિ સુધી

**52 ગુજરાત મુલ્કી સેવા નિયમો 2002 ના અર્થઘટન સંબંધે આખરી નિર્ણય કોનો રહે છે?**

**A** મહેસુલ વિભાગ **B** સામાન્ય વહીવટ વિભાગનો

**C** નાણાં વિભાગનો **D** નિયામકશ્રી હિસાબી વિભાગનો

**53 અપવાદ રૂપ કિસ્સા સિવાય જો કોઈ સરકારી કર્મચારી જરૂરી મંજૂરી લીધા વિના પોતાના ક્ષેત્રાધિકાર બહાર કામગીરી માટે જાય તો,**

**A** તેને પગાર અને ભથ્થા મળવાપાત્ર છે **B** પગાર અને ભથ્થા મળવાપાત્ર નથી

**C** પગારભથ્થા પર કોઈ ફેર પડતો નથી **D** તેમણે અંગત ખર્ચે જવું પડે

**54 જો કોઈ કર્મચારી ફરજમોકુફી હેઠળ હોય તો તેને.....**

**A** શરતોને આધીન મર્યાદામાં માત્ર વળતર ભથ્થું મળે **B** શરતોને આધીન મર્યાદામાં વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મળે

**C** વળતરભથ્થુંમળી શકે નહીં **D** વળતરભથ્થુકે ઘરભાડા ભથ્થું કંઈ પણ મળી શકે નહીં

**55 સરકારી કર્મચારીના કુટુંબમાં નીચેના પૈકી કોનો સમાવેશ થશે નહીં?**

**A** પુરુષ કર્મચારીની સાથે રહેતી પત્ની **B** પુરુષ કર્મચારીનીબીજી પત્ની

**C** કર્મચારીઓપર આધારિત સાવકા બાળકો **D** કર્મચારી પર આશ્રિત સગીરભાઈ

**56 વળતર ભથ્થું મેળવવાની પાત્રતા અંગે ગુજરાત મુલ્કી સેવા પગાર નિયમો 2002 ના કયા નિયમમાં જોગવાઈ કરવામાં આવી છે?**

**A** નિયમ 40 | **B** નિયમ 41
**C** નિયમ 47 | **D** નિયમ 48

**57 રજા પ્રવાસ રાહત સમયે પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર વધુમાં વધુ કેટલા વખત મળી શકે?**

**A** દર વખતે એકંદરે 20 દિવસ તે રીતે વધુમાં વધુ 3 વાર | **B** દરવખતે એકંદરે 10 દિવસ તે રીતે વધુમાં વધુ છ વાર
**C** દરવખતે એકંદરે 30 દિવસ તે રીતે વધુમાં વધુ બે વાર | **D** દર વખતે એકંદરે 15 દિવસ તે રીતે વધુમાં વધુ 4 વાર

**58 શું કોઈ સરકારી અધિકારી હક રજા માગી શકે?**

**A** માગી શકે નહીં | **B** હક રજા માગી શકે
**C** હક તરીકે રજા માગી શકે નહીં | **D** રજા એ કર્મચારીઓનો હક છે.

**59 જો કોઈ સરકારી કર્મચારીને અન્ય મથકે 120 દિવસ કરતાં વધુસમયના હોય તેટલા સમય માટે ફરજ ઉપર બદલી કરવામાં આવી હોય તો તેને શું કહે છે?**

**A** હંગામી બદલી | **B** કાયમી બદલી
**C** હવાલો સંભાળવો | **D** મર્યાદિત બદલી

**60 કોઈપણ અધિકારીને ખાતાના વડા તરીકે જાહેર કરવા અંગેની સત્તા કોને પહોંચે છે?**

**A** કચેરીના વડાને | **B** સંબંધિત વિભાગના મંત્રીશ્રીને
**C** સંબંધિત વહીવટી વિભાગને | **D** વિધાનસભાગૃહને

**61 'એ' વર્ગના શહેર માટે ૧ લી ઓગષ્ટ 1997 મુજબ ઘરભાડા ભથ્થા કેટલા નક્કી થયેલ છે?**

**A** મૂળપગારના 30% | **B** મૂળપગારના 15%
**C** મૂળપગારના 7.5 % | **D** મૂળપગારના 5%

**62 સરકારી જહાજ ઉપરના ના અધિકારી તરીકે નોકરી કરતો સરકારી કર્મચારી માંદગીને કારણે સારવાર લેતો હોય તો તેને વધુ માં વધુ કેટલા સમયની પુરા પગારી રજા મળી શકે?**

**A** બે અઠવાડિયા સુધીની | **B** ચાર અઠવાડિયાથી વધે નહીં તેવી
**C** છ અઠવાડિયાથી વધારે નહીં તેટલી | **D** એક વર્ષ સુધી

**63 અસાધારણ રજાના કિસ્સામાં રજાની કુલ મહત્તમ મર્યાદા કેટલા દિવસ હોવી જોઈએ?**

**A** ૧૦૦ દિવસ | **B** 200 દિવસ
**C** 30 મહિના | **D** ૩૬ મહિના

**64 જો કોઈ કરે સરકારી કર્મચારીને તબીબી અધિકારીએ કાયમી રીતે વધુ નોકરી માટે અશક્ત જાહેર કરેલ હોય તેવા કર્મચારીને રજા મંજુર કરવાની સત્તા કોને પહોંચે છે?**

A સચિવશ્રી

B સિવિલ સર્જન

C પેન્શન મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી

D કોઈને નહીં

**65 સરકારી કર્મચારીએ કાબુ બહારના સંજોગોમાં બિનપગારી રજા ભોગવી હોય તો.....**

A શરતોને આધીન માફ કરી શકાય

B શરતોને આધીન સરકાર ઇજાફા પાત્ર સમય ગણી શકે

C બિનપગારી રજા ઇજાફાપાત્ર ગણી શકાય નહીં

D સરકાર કંઈ કરી શકે નહીં

**66 ખાતાના વડા હોય તેવા સરકારી કર્મચારીઓની પેન્શન મંજૂર કરવાની સંપૂર્ણ સત્તા કોને પહોંચે છે?**

A નિમણૂક અધિકારી

B પેન્શન અધિકારી

C સચિવાલયના વહીવટી ખાતા

D સંબંધિત મંત્રીશ્રી

**67 નીચેનામાંથી કયા અધિકારી શિક્ષણવિભાગના નિયમ સમુચ્ચયોના હેતુ માટે ખાતાના વડા ગણવામાં આવેલ નથી**

A ઉચ્ચતર શિક્ષણ કમિશનર

B જિલ્લા શિક્ષણાધિકારી

C રાજ્ય પરિયોજનાનિયામક

D નિયામક તાંત્રિક શિક્ષણ

**68 ફરજમોકુફી દરમિયાન સરકારી કર્મચારીને મોંઘવારી ભથ્થું કેટલું મળી શકે?**

A મળવાપાત્ર મોંઘવારી ભથ્થા તેના મૂળપગારનેઆધારિત રહેશે

B મળવાપાત્રમોંઘવારી ભથ્થુ ચૂકવવામાંઆવતા નિર્વાહભથ્થાની રકમને આધારિત રહેશે

C ફરજમોકુફીદરમિયાનમોંઘવારી ભથ્થુ મળી શકે નહીં

D મોંઘવારી ભથ્થું મૂળપગારના 50% રકમ જેટલું રહેશે

**69 નીચેનામાંથી કયું વળતર ભથ્થું નથી**

A પ્રોજેક્ટભથ્થું

B ડાંગભથ્થું

C નોન પ્રેક્ટિસિંગભથ્થું

D તાલીમભથ્થું

**70 મધ્યરાત્રીથી શરૂ થઈને તેના પછીની મધ્યરાત્રિએ પૂરો થતો સમયગાળો કયા નામે ઓળખાય છે?**

A રાત અને દિવસ

B દિવસ અને રાત

C દિવસ

D રાત્રી

**71 જો કોઈ સરકારી કર્મચારીના કિસ્સામાં અગાઉના મુલ્કી સેવા નિયમો હેઠળ પગાર સાથે અનુરૂપ કાર્યવાહી કરવામાં આવી હોય તો ગુજરાત મુલ્કી સેવા પગાર નિયમો૨૦૦૨ અમલમાં આવતા તે કાર્યવાહીનું શું થશે?**

**A** યથાવત રહેશે

**B** તેમાં ફેરફાર કરવો પડશે

**C** નવા નિયમો મુજબ કાર્યવાહી કરવી પડશે

**D** કંઈ કહી શકાય નહીં

**72 ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો 2002 હેઠળના નિયમ 40 (4) મુજબનું પરિશિષ્ટ કયા નામે ઓળખાય છે?**

**A** આરોગ્ય તપાસનું પ્રમાણપત્ર

**B** નોકરીની તપાસનું પ્રમાણપત્ર

**C** નોકરીનું પ્રમાણપત્ર

**D** પ્રમાણપત્ર

**73 રાજ્યપત્રિત કર્મચારી એટલે**

1. **અખિલ ભારતીય કે રાજ્યસેવાના સભ્ય**
2. **કલાર્કે શરતો હેઠળ નિમણૂક થઈ હોય અને રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવી હોય તેવી વ્યક્તિ**

**A** વિધાન એક સાચું છે વિધાન ખોટું છે

**B** વિધાન બે સાચું છે વિધાને ખોટું છે

**C** બંને વિધાન સાચાછે

**D** બંને વિધાન  ખોટા છે

**74 વેકેશન ખાતા સિવાયના અન્ય ખાતામાં કામ કરતાં સરકારી કર્મચારીને પ્રાપ્ત રજા કેટલી અને ક્યારે મળે?**

**A** દર વર્ષે 30

**B** દર છ મહિને 30

**C** અર્ધ વાર્ષિક ગાળા માટે 30  દિવસના દરે

**D** અર્ધવાર્ષિકગાળા માટે  15  દિવસના દરે

**75 સરકારી અધિકારીને ક્યારે માનદ વેતન મળી શકે ?**

**A** સંબંધિત કર્મચારીએ કાયદેસરની ફરજના ભાગ તરીકે વ્યાજબી ગણાતું કોઈ કાર્ય કર્યું હોય તો

**B** અપવાદરૂપસંજોગોમાં કચેરી સમયબાદ વધારાના કલાકો કામ કર્યું હોય તો

**C** જો કોઈ બોર્ડની નાણાકીય જવાબદારી અંશતઃ રીતે રાજ્યસરકારના ફંડમાંથી અદા કરવામાં આવતી હોય તેવા બોર્ડની સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે

**D** જો કોઈ સરકારી ખાતુ કોઈ બીન-સરકારી સંસ્થાનુ કામ હાથ ધરે અને તે કામ યોગ્ય કર્મચારીને સોંપવામાં આવ્યું હોય ત્યારે

**76 અપરિપક્વ ઇજાફો કોણ મંજૂર કરી શકે?**

A કચેરીના વડા

B નિયંત્રણ અધિકારી

C સંવર્ગમાં જગા મંજુર કરવાની સત્તા ધરાવતા અધિકારી

D જે અધિકારી ઇજાફો મંજુર કરી શકે તે અધિકારી

**77 નીચલી જગ્યા ઉપર ઇજાફો મેળવતા પહેલા કર્મચારીઓને બઢતી આપવામાં આવી હોય તો તેણે નક્કી થતાં પગાર માટેનો વિકલ્પ કેટલા સમયમાં વાપરવાનો રહે છે?**

A એક મહિનો

B બે મહિના

C ત્રણ મહિના

D 6 મહિના

**78 જુદા એકમ તરીકે મંજૂર કરવામાં આવેલ સેવાના સંખ્યા બળના ભાગને શું કહે છે**

A નોકરી

B ખાલી જગ્યા

C સેવા બળ

D સંવર્ગ

**79 કાર્યકારી સરકારી કર્મચારીનો પગાર ગુજરાત મુલ્કી સેવા પગાર નિયમો 2002 અંતર્ગત સક્ષમ સત્તાધિકારી....**

A મળવાપાત્ર રકમ કરતા વધારે રકમેં નિયત કરી શકશે

B મળવાપાત્ર રકમ કરતાં ઓછી રકમેં નિયત કરી શકશે

C મળવાપાત્ર રકમ કરતા વધારે રકમેં નિયત કરી શકશે નહીં

D મળવાપાત્ર રકમ કરતાં ઓછી રકમેં નિયત કરી શકશે નહીં

**80 ઉતારુઓની ઈચ્છા મુજબ નિયત માર્ગથી બીજા માર્ગે જઈ શકતાના હોય ના હોય તેવા વાહનોને કયા નામે ઓળખવામાં આવે છે**

A જાહેરવાહન

B ખાનગીવાહન

C અંગતવાહન

D વિશેષવાહન

**81 રજાના પ્રારંભ અને સમાપ્તિ અંગે ગુજરાત મુલ્કી સેવા રજા નિયમો 2002 ના કયા નિયમમાં જોગવાઈ કરવામાં આવી છે?**

A નિયમ ૪૦

B નિયમ 41

C નિયમ 42

D નિયમ 43

**82 પગારધોરણના અધિકતમ તબક્કે સ્થગિત થયેલા બધા જ કર્મચારીઓને મળતો ઇજાફો વધુમાં વધુ કેટલીવાર આપવામાં આવે છે?**

A એક

B બે

C ત્રણ

D ચાર પિક્ચર

**83 પ્રમાણભૂત ભાડું એ શબ્દ કઈ બાબતને અનુલક્ષીને ઉપયોગમાં આવે છે?**

A વાહનભાડું
B મકાનભાડુ
C ટ્રેનમાં જવાનુંભાડું
D સરકારી રહેણાંકના આવાસોની

**84 પગાર ધોરણના અધિકતમ તબક્કે સ્થગિત થયેલા બધા જ કર્મચારીઓને કેટલા વર્ષે ઇજાફો આપવામાં આવે છે?**

A દર બે વર્ષે એક
B દર ત્રણ વર્ષે એક
C દર ચાર વર્ષે એક
D દર પાંચ વર્ષે એક

**85 દિવસ સુધીમાં ફરજ પર પર હાજર થવા માટેના ફરજિયાત રોકાણના સમયને નિયમિત કરવા અંગેની સત્તા કોને પહોંચે છે**

A કચેરીના વડા
B ખાતાના વડા
C વહિવટી વિભાગ
D આ અંગે કોઈને સત્તા પહોંચતી નથી

**86 એક કચેરીના રાજ્યપત્રિત વડાને તેમના નિયંત્રણ હેઠળના વર્ગ-૩ની જગ્યામાટે કાર્યકારી નિમણુક કરવા અંગેની કેટલા સમય સુધીની સત્તા છે?**

A એક વરસ
B છ માસ
C ચાર માસ
D બે માસ

**87 જે સત્તાધિકારી સરકારી કર્મચારીના નોકરીનો રેકોર્ડ રાખતા હોય તેમણે કર્મચારીની રજાનો હિસાબ કયા નમૂનામાં નિભાવવાનો રહે છે?**

A નમુનો ૧
B નમુનો૨
C નમુનો૩
D નમુનો ૪

**88 એવી કઈ રજા છે જે કોઈપણ સંજોગોમાં નકારવામાં આવતી નથી?**

A હકરજા
B પરચુરણ રજા
C પિતૃત્વ રજા
D એવી કોઈ રજા નથી

**89 ગુજરાત મુલકી સેવા નિયમો ૨૦૦૨ છૂટછાટ આપવાનો પ્રશ્નો ઉપસ્થિત થાય તો...**

A ગુજરાત સરકારને છૂટછાટની અબાધિત સત્તા છે
B સરકારના કોઈપણ વિભાગને છૂટછાટની સત્તા છે
C સરકાર છૂટછાટ આપી શકે પરંતુ નાણાવિભાગની પૂર્વસંમતિ જોઈએ
D નાણાવિભાગની પૂર્વસંમતિથીનિયામકશ્રીઆપી શકે

**90 અપવાદો સિવાય પગાર અને ભથ્થા કઈ તારીખથી અસરકારક બને?**

**A** સરકારી કર્મચારી જે દિવસે બપોર પહેલા કોઈ જગ્યાએ ફરજનો હવાલો સંભાળે તે તારીખથી

**B** સરકારી કર્મચારી જે દિવસે બપોર પહેલા કોઈ જગ્યાએ ફરજનો હવાલો સંભાળે તે પહેલાની તારીખથી

**C** સરકારી કર્મચારી જે દિવસે બપોર પહેલા કોઈ જગ્યાએ ફરજનો હવાલો સંભાળે તે પછીની તારીખથી

**D** સરકારી કર્મચારી જે દિવસે બપોર પછી કોઈ જગ્યાએ ફરજનો હવાલો સંભાળે તે તારીખથી

**91 જો પાછલી સળંગના હોય તેવી સેવાની મુદત પાંચ વર્ષ કરતા ઓછી હોય તો જે જગ્યા પર તેની નિમણૂક થઇ હોય તે જગ્યાના પગાર ધોરણમાં કેટલા ઇજાફા આપી શકાય?**

**A** ૫

**B** ૩

**C** ૧

**D** એક પણ નહીં

**92 સરકારી નોકરીમાં ફરજ બજાવતા તબીબી અધિકારીઓને નોન પ્રેક્ટિસિંગ ભથ્થું શા માટે આપવામાં આવે છે?**

**A** કારણકે તબીબી નિષ્ણાતો સરકારમાં ફરજ બજાવવા માટે આવતા નથી

**B** ખાનગી વ્યવસાય તરીકે તબીબી કામકાજ કરવાની મનાઈ હોવાને કારણે તેમને થતા નુકસાનનાવળતરરૂપે

**C** તેઓ સરકારમાં વહીવટી કામ કરે અને તબીબી તજજ્ઞ તરીકે કામના કરી શકે તેના બદલા રૂપે

**D** સરકારમાં વધારે સારી રીતે તબીબી કામકાજ અદા કરે તે માટે

**93 ભારત સરકારના કોમપ્ટ્રોલર અને ઓડિટર જનરલ દ્વારા નિમણૂક અપાયેલ અધિકારીને શું કહે છે?**

**A** ઓડિટ અધિકારી

**B** કોમ્પ્ટ્રોલરઅધિકારી

**C** જન અધિકારી

**D** તપાસ અધિકારી

**94 તીવ્ર કેન્દ્રીય દ્રષ્ટિની આવશ્યકતાના હોય તેવી જગ્યાઓ માટે દ્રષ્ટિક્ષમતા સારી આંખ માટે દુરસ્તી પછી કેટલી હોવી જોઈએ?**

**A** 6/6

**B** 6/12

**C** 6/18

**D** 6/24

**95 સરકારી કર્મચારી ઘર ભાડા ભથ્થા માટે ક્યારે અપાત્ર ગણાય?**

- **A** જો તે સરકારની માલિકીના સર્કિટહાઉસમાંરહેતા હોયતો
- **B** જો તે ખાનગી ગેસ્ટહાઉસમાં રહેતા હોયતો
- **C** જો તે ટ્રસ્ટની માલિકીના રેસ્ટ હાઉસમાં રહેતા હોય તો
- **D** જો તે કંપનીના રેસ્ટ હાઉસમાંરહેતા હોય તો

**96 જુદા એકમ તરીકે મંજૂર કરવામાં આવેલ સેવા કે સેવાના કોઈભાગનો સંખ્યાબળ એટલે?**

- **A** હોદ્દો
- **B** સંવર્ગ
- **C** નિમણૂક
- **D** ફાળવણી

**97 જો કોઈ સરકારી કર્મચારી રાજીનામું આપે તો...**

- **A** તેની સિલક રજાનો રાજીનામાનીતારીખથી અંત આવે છે
- **B** તેની સિલક રજાનો પગાર મળે
- **C** સિલક રજા ભોગવીને રાજીનામા પર જઈ શકે છે
- **D** ઉપર પૈકી એક પણ વિકલ્પ સાચો નથી

**98 જો કોઈ સરકારી કર્મચારી હક રજા ઉપર ગયા અને રજા પૂરી થયા પછી જાહેર રજા આવતી હોય તો,**

- **A** રજાના દિવસોનું જાહેર રજા સાથે સંયોજન કરી શકે છે
- **B** રજાના દિવસોનું જાહેરરજા સાથે સંયોજન કરી શકતા નથી
- **C** જાહેર રજાના દિવસો હકરજા તરીકે ગણવામાં આવશે
- **D** જાહેર રજા પૂર્વે હાજર થઈ જવાનું રહેશે

**99 હોસ્પિટલ રજા કયા વર્ગના  સરકારી કર્મચારીઓને મળે છે?**

- **A** વર્ગ-૧
- **B** વર્ગ- ૨
- **C** વર્ગ-3
- **D** વર્ગ-૪

**100 રજા મંજૂર કરનાર અધિકારી ક્યારે અભ્યાસ રજાની મંજૂરી આપશે ?**

- **A** જો એવું જણાય કે સૂચિત અભ્યાસક્રમ જાહેરહિતમાં લાભદાયી થઈ શકે તેમ નથી.
- **B** સાહિત્યિક સિવાયના અન્ય વિષયના અભ્યાસ અર્થે રજા માગી હોય તો
- **C** શૈક્ષણિક સિવાયના અન્ય વિષય ના અભ્યાસ અર્થે રજા માગી હોય તો
- **D** જો તે અભ્યાસક્રમ સરકારી કર્મચારીના ફરજના ક્ષેત્ર સાથે સંબંધિત હોય ત્યારે

----------------